# શુદ્ધનયનો વિષય-જ્ઞાયકભાવ

**પરમાગમના સારરૂપ-જ્ઞાયકભાવ તથા તેનો અનુભવ કેમ થાય ? તે સંબંધી વિચારઃ-**

પરમાગમના રહસ્યોનો ઉકેલ કોઈ પણ કથન તે કઈ અપેક્ષાનું છે તે જાણી, નીચે મુજબ ચાર પ્રકારથી થઈ શકે.

(૧) દૃષ્ટિપ્રધાન-દૃષ્ટિનો વિષય (સમયસાર ગા.૧૧)

(૨) જ્ઞાનપ્રધાન-દૃષ્ટિનો વિષય (પ્રવચનસાર ગા.૧૯૨,૨૦૦)

(૩) દૃષ્ટિપ્રધાન-જ્ઞાનનો વિષય (સમયસાર ૪૭ શક્તિ)

(૪) જ્ઞાનપ્રધાન-જ્ઞાનનો વિષય (પ્રવચનસાર ૪૭ નય)

વિશેષ રહિત સામાન્ય શુદ્ધાત્મા-દૃષ્ટિ (શુદ્ધનય) નો વિષય

સામાન્ય વિશેષાત્મક આત્મા-જ્ઞાન (પ્રમાણજ્ઞાન) નો વિષય

*** વિશેષ બે પ્રકારના છે :-**

(૧) સામાન્યની બહાર રહેલા કર્મ (દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ), ઇન્દ્રિયો (દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો), કર્મ સાપેક્ષ પરિણામો (રંગ-રાગ-ભેદ) થી ભેદજ્ઞાન કરવાનું છે.

(૨) સામાન્ય સ્વરૂપ, તેની અંદર રહેલા ક્રમરૂપ તથા અક્રમરૂપ અનંત નિરપેક્ષ વિશેષોથી રચાયેલું છે. તે ભેદોનો વિસ્તાર કરી, તેનું સ્વરૂપ સારી રીતે સમજી, પછી તે ભેદોનું લક્ષ છોડી અભેદનો અનુભવ કરવાનો છે. ભેદોને અભેદમાં સમાવી લેવાના છે.

* દૃષ્ટિ સ્વભાવથી જ એકાંતિક અને નિર્વિકલ્પ હોય છે. તેથી દૃષ્ટિ તેના વિષયને અભેદ પણે જ ગ્રહણ કરે છે.

* જ્ઞાન સ્વભાવથી જ અનેકાંતિક અને સવિકલ્પ હોય છે. તેથી જ્ઞાન તેના વિષયને અનંત ભેદાત્મક અભેદ ગ્રહણ કરે છે.

---

જ્ઞાયકભાવ અખંડ અભેદ એકરૂપ હોવા છતાં તેમાં નીચે મુજબ વિશેષો ગર્ભિત છે.

**(૧)** અસંખ્ય પ્રદેશમાં વ્યાપક ત્રિકાળી અનંત ગુણો. દરેક ગુણમાં ક્રમે ઉત્પન્ન થવાવાળી અનાદિ અનંત વિશેષ પર્યાયો નિમગ્ન છે.

**(૨)** દરેક ગુણની વર્તમાન વર્તતી ધ્રુવ પરિણતિરૂપ કારણ શુદ્ધ પર્યાય છે-જે ત્રિકાળીને વર્તમાનમાં વ્યક્ત કરે છે તથા વર્તમાન કાર્યનું કારણ થાય છે. -દ્રવ્યની ધ્રુવ પરિણમન શક્તિ.

ભેદથી પૂજિત પંચમભાવની પરિણતિ-પર્યાયરૂપ હોવા છતાં અભેદથી પરમભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે-કારણ પરમાત્મા ધ્રુવ પરિણમનરૂપ છે.

**આધારઃ** નિયમસારની અનેક ગાથાઓ, સમયસાર-૪૭ શક્તિઓની વ્યાખ્યા

**પ્રયોજનઃ** ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ-સ્વરૂપ પ્રત્યક્ષ વગેરે ભાવોથી દ્રવ્યનું (દ્રવ્ય-ગુણ-પર્યાયથી) પૂર્ણપણું ભાસે છે, ઉત્પાદ પર્યાયની દૃષ્ટિ સહેજે જ છુટી જાય છે.

**દૃષ્ટાંતઃ** સમુદ્રની હીલોળા મારતી સપાટી.

**(૩) ઉપયોગ સામાન્યઃ-** ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ-જે અનાદિ અનંત પર્યાયાર્થિકનયના પારિણામિકભાવરૂપે હોવા છતાં સદૃશ સામાન્ય ધ્રુવ પ્રવાહ રૂપે છે. ચૈતન્યમાંથી પ્રગટ થઈ, ચૈતન્યને

તન્મયપણે પ્રસિદ્ધ કરી ( અનુભવી ), ચૈતન્યમાં જ વિલીન થઈ જાય છે. ચૈતન્યની જાત હોવાથી, દરેકને સ્વાનુભવ પ્રસિદ્ધ તથા સ્વપર પ્રકાશક હોવાથી લક્ષણરૂપે છે. ભેદથી પર્યાયરૂપે હોવા છતાં અભેદથી અભેદ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે.

આધારઃ સમયસાર કળશ. ૪૨, પરિશિષ્ટઃ- લક્ષ્ય-લક્ષણ ભેદ, દ્રવ્ય સંગ્રહ ગા. ૪, પ્રવચનસાર ગા. ૧૨૭

પ્રયોજનઃ અનાદિથી પર્યાયમાં માત્ર રાગાદિ ભાવો જ નથી, જ્ઞાનનું પરિણમન પણ છે. રાગાદિને ભેદજ્ઞાન કરી પુદ્‌ગલના કહેવામાં આવે છે, જ્ઞાન આત્માથી અભિન્ન છે.

દૃષ્ટાંતઃ સમુદ્રનાં મોઝાંને સમુદ્રનાં પાણીરૂપે જોવા.

ઉપરોક્ત ત્રણેનું વર્તમાન અખંડપણું સામાન્ય સ્વરૂપે ક્ષણીક ઉત્પાદ વ્યયરૂપે પરિણમતાં સાપેક્ષ વિશેષ પર્યાયરૂપે પરિણમતું નહીં હોવાથી ધ્રુવરૂપે પણ કહેવાય છે. તેમાં સામાન્ય ચૈતન્યમય પરિણમન, તેનું કર્તૃત્વ, ભોકતૃત્વ તથા સ્વપરનું જ્ઞાતૃત્વ રહેલું છે.

શુદ્ધનયનો વિષય જ્ઞાયક બે રૂપવાળો છે.

ધ્યેયઃ દ્રવ્ય, ગુણ, કારણશુદ્ધપર્યાયમય-દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય.
આશ્રય કરવા યોગ્ય-નિત્ય સ્વરૂપ-અપરિણામી.

જ્ઞેયઃ દ્રવ્ય, ગુણ, કા. શુ. પર્યાય, ઉપયોગ સામાન્યમય-જ્ઞાનપ્રધાન દૃષ્ટિનો વિષય.
આવિર્ભાવ કરવા યોગ્ય-નિરંતર સ્વરૂપ-પરિણામી-અનુભવનો વિષય.

આ બે રૂપમાંથી કોઈપણ એક રૂપને ઉપયોગ વિશેષ વડે તન્મયપણે ગ્રહણ કરતાં આત્માનો પ્રથમ અનુભવ થાય છે. સાધક દશામાં થતાં અનેક નિર્વિકલ્પ અનુભવ ક્યારેક ધ્યેયરૂપને તથા ક્યારેક જ્ઞેયરૂપને ગ્રહણ કરતાં થાય છે.

* ધ્યેયને ગ્રહણ કરતી વખતે સામાન્ય ઉપયોગ ગૌણ હોય છે.
* જ્ઞેયને ગ્રહણ કરતી વખતે સામાન્ય ઉપયોગમયી સ્વરૂપનું અભેદ ગ્રહણ હોય છે.

આધારઃ ધ્યેયઃ- સમયસાર ગા. ૬ ( ૧ લો પેરેગ્રાફ ), ગા. ૧૪, નિયમસાર ગા. ૩૮,૫૦.
જ્ઞેયઃ- સમયસાર ગા. ૨ ( સમય ), ગા. ૬ ( ૨જો પેરેગ્રાફ ), ગા. ૧૫, પરિશિષ્ટ-જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ, પ્રવચનસાર ગા. ૧૯૨,૨૦૦.

પૂ. ગુરુદેવશ્રીઃ- સમ્યગ્દર્શનનું નિરૂપણ બે પ્રકારે-દૃષ્ટિપ્રધાન ( સમયસાર ગા. ૧૧ ) તથા જ્ઞાનપ્રધાન ( પ્રવચનસાર ગા. ૨૪૨ ) / ( પ્રવચન રત્નાકર ભા-૧૧ પા. ૫૬, પ્રવચન નવનીત ભા-૪ પા. ૧૨૨, સમયસારસિદ્ધિ ભા-૩ પા. ૧૪૧ )

ધ્યેય જ્ઞેયના બે ભેદ કરવાથી જ્ઞાયક બે નથી થઈ જતાં. એક જ્ઞાયકનાં જ બે રૂપ છે-દ્વિરૂપ એકરૂપ છે.

માત્ર એક રૂપથી એક રૂપની સિદ્ધિ થતી નથી, બીજા રૂપથી પહેલાં રૂપની સિદ્ધિ થાય છે-બન્ને રૂપથી પૂરા સ્વરૂપની સિદ્ધિ થાય છે. જેમકે ધ્યેયને ગ્રહણ કરતાં, ગ્રહણ કરવાવાળી પર્યાય અભેદપણે ગ્રહણ કરતી હોવાથી, જ્ઞેયની સિદ્ધિ થાય છે તથા જ્ઞેયનું અભેદ જ્ઞાન અથવા અનુભવ, ધ્યેયના ધ્યાન પૂર્વક જ થાય છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા એ ધ્યેયરૂપ છે તથા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે એ જ્ઞેયરૂપ છે.

* ધ્યેયની દૃષ્ટિ વગર જ્ઞેયનું અભિન્નપણું યથાર્થપણે ભાસતુ નથી. પર્યાયથી સર્વથા અભિન્નપણું ભાસે છે એટલે કે પર્યાય દૃષ્ટિ છે, જે મિથ્યાદૃષ્ટિ છે. તે દૃષ્ટિ અશુદ્ધતામાં તથા પરમાં લંબાય છે.
* જ્ઞેયના અનુભવ વગર ધ્યેયની દૃષ્ટિ યથાર્થ નથી. પર્યાયથી સર્વથા ભિન્નપણું ભાસે છે, જે નિશ્ચયાભાસ છે, મિથ્યાદૃષ્ટિ છે. તેમાં નિશ્ચયનો અભાવ થાય છે, દૃષ્ટિમાં આવતો નથી.
* ધ્યેયની દૃષ્ટિપૂર્વક જ જ્ઞેયનો અનુભવ થાય છે, નહીં તો જ્ઞેયનો પક્ષ છે.
* જ્ઞેયના અનુભવમાં જ ધ્યેયની દૃષ્ટિ સમ્યક્ છે, નહીં તો ધ્યેયનો પક્ષ છે.
* જ્યારે આશ્રય વિવક્ષિત હોય ત્યારે ધ્યેયરૂપની મુખ્યતા હોય છે.
* જ્યારે અનુભવ અથવા પ્રકાશકપણું વિવક્ષિત હોય ત્યારે જ્ઞેયરૂપની મુખ્યતા હોય છે.
* ધ્યેયને ગ્રહણની મુખ્યતામાં દૃષ્ટિ સમ્યક્ થાય, જ્ઞાન સમ્યક્ થાય, સ્વરૂપની પ્રાપ્તિ થાય.
* જ્ઞેયને ગ્રહણની મુખ્યતામાં જ્ઞાન સમ્યક્ થાય, દૃષ્ટિ સમ્યક્ થાય, સ્વરૂપની પ્રપ્તિ થાય.

અહીં તો દૃષ્ટિપ્રધાનથી સ્વરૂપની પ્રપ્તિના પ્રકારની ચર્ચા છે. જ્ઞાનપ્રધાનથી સ્વરૂપની પ્રપ્તિનો પ્રકાર અલગ છે. જેમ કે પ્રવચનસાર ગા. ૧૨૬,૧૮૯, પરિશિષ્ટ,૯૩, સમયસાર ગા.૩

આ રીતે સામાન્ય શુદ્ધાત્માના બન્ને રૂપને જાણવાથી તેનું સ્વરૂપ સર્વાંગે સ્પષ્ટ થઈ તેનો વિશેષ મહીમા આવે છે તથા સ્વરૂપમાં જ ટકી જવાનું કારણ બને છે.

આવા મારા ધ્યેય જ્ઞેયરૂપ સામાન્ય અસ્તિત્વમાં પરિપૂર્ણપણું હોવાથી અને તે વિશેષ પર્યાયોરૂપે નહીં થતો હોવાથી, હું તે ઉત્પાદ વ્યયરૂપ સાપેક્ષ પર્યાયનો કર્તા નથી, કારયિતા નથી તથા પુદ્‌ગલકર્મરૂપ કર્તાનો અનુમોદક નથી.

* હું અપરિણામી ધ્રુવ જ્ઞાયક રૂપે છું. મારામાં જ નિરપેક્ષ ઉપયોગનું સ્વસંવેદન પ્રત્યક્ષપણું તથા સમસ્ત સ્વપર જ્ઞેયાકારપણું હોવાથી, કોઈ પણ વિશેષ પર્યાયની મારે અપેક્ષા નથી.

આમ દ્રવ્ય તો દ્રવ્યરૂપે છે જ, પર્યાય વિશેષ પણ એવો અનુભવ કરે છે કે હું દ્રવ્ય છું. દ્રવ્યના અવલંબને જીવ સુદૃષ્ટિ થાય છે.

પ્રશ્નઃ- ઉપયોગ સામાન્યમાં ઉત્પાદ વ્યય હોવાથી તેનાથી દ્રવ્યનું અભિન્નપણું પ્રમાણજ્ઞાનનો વિષય બને. તેનાથી રહિતપણું જ દૃષ્ટિનો વિષય બની શકે.

ઉત્તરઃ- બરાબર છે. દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય ઉત્પાદ વ્યયથી રહિત ધ્યેયરૂપ જ્ઞાયક જ છે અને તે જ આશ્રય કરવા યોગ્ય છે. ઉપયોગમય જ્ઞેયરૂપ જ્ઞાયક જ્ઞાનપ્રધાન દૃષ્ટિનો વિષય બને છે એટલે કે અનુભવનો વિષય બને છે. તેમાં ઉત્પાદ વ્યયનાં વ્યતિરેકને જોવાના નથી કારણકે જ્યાં સુધી દ્રવ્ય પર્યાયનો ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થઈ શકતો નથી.

પ્રશ્નઃ- ઉપયોગમયી જ્ઞેયને જ દૃષ્ટિનો વિષય બનાવીએ તો ?

ઉત્તરઃ- ઉપયોગ એક સમયનો હોવાથી કાળથી ખંડિત છે તથા તેના જ વિશેષમાં અનેક ભેદો પડે છે. તેથી તે દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય બની શકે નહિ.

આધારઃ પૂ. બહેનશ્રીઃ દૃષ્ટિ દ્રવ્યની હોય છે, વેદન ( ભેદથી ) પર્યાયનું હોય છે.

( ૪ ) ઉપયોગ વિશેષઃ- હવે ઉત્પાદ વ્યયરૂપ ઉપયોગ સામાન્ય અનાદિ અનંત કાળમાં નીચે મુજબ વિશેષતાઓ સહિત હોય છે. તે દરેક અવસ્થાઓ ક્ષણિક સ્વતંત્ર ઉપાદાનરૂપે અથવા કર્મ સાપેક્ષ નૈમિત્તિકરૂપે બે રીતે જોઈ શકાય છે.

આધારઃ પ્રવચનસાર ગા. ૧૫૫, સમયસાર ગા. ૨ ( સ્વસમય-પરસમય ), ગા. ૯૨,૯૩, દ્રવ્યસંગ્રહ ગા. ૪,૫
દૃષ્ટાંતઃ સમુદ્રનાં મલિન તથા વધઘટવાળા મોઝાં.

**(a) અજ્ઞાન અવસ્થા–**

ઉપાદાનઃ– દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના તીરોભાવરૂપ.

સ્વભાવના અજ્ઞાન, પરભાવોના એકત્વ તથા જ્ઞેયાકારના આવિર્ભાવ-ખંડજ્ઞાનરૂપ

નૈમિત્તિકઃ– કુમતિ વગેરે, આશ્રવ-બંધ, ઔદયિક-ક્ષયોપશમિકભાવ વગેરે રૂપ

**(b) સાધક અવસ્થા–**

ઉપાદાન– દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના અંશે આવિર્ભાવરૂપ.

જ્ઞાનધારા તથા કર્મધારા એવા બે ભેદવાળી.

નૈમિત્તિક– સુમતિ વગેરે, આશ્રવ-બંધ-સંવર-નિર્જરા, ઉપશમ-ક્ષયોપશમ વગેરેરૂપ.

* પ્રગટ થયેલી શુદ્ધતા ભેદથી, વિશેષરૂપે અથવા નૈમિત્તિકરૂપે જણાય છે. અભેદથી આત્માપણે– સામાન્યપણે અનુભવાય છે. વિશેષ પર્યાય સામાન્યરૂપે થઈને સામાન્યને અનુભવે છે-એક જ્ઞાનમાત્રની અનુભૂતિ થાય છે.

આધારઃ સમયસાર ગા. ૫૦ થી ૫૫.

**(c) સાધ્ય અવસ્થા–**

ઉપાદાન–દ્રવ્ય સ્વભાવ તથા ઉપયોગ સામાન્યના પૂર્ણ આવિર્ભાવરૂપ

નૈમિત્તિક-કેવળજ્ઞાન, મોક્ષ, ક્ષાયિકભાવ.

## સાધક અવસ્થા

સાધક અવસ્થામાં–નિર્વિકલ્પ તથા સવિકલ્પ બે અવસ્થાઓ આવે છે.

નિર્વિકલ્પ અવસ્થાઃ દૃષ્ટિમાંથી ગુણભેદ છુટે તથા જ્ઞાનમાંથી પર્યાયભેદ છુટે ત્યારે નિર્વિકલ્પતા આવે છે.

પરમ પારિણામિકભાવે સ્થિત નિત્ય ધ્યેયનું ધ્યાન અથવા નિરંતર સામાન્ય જ્ઞેયનો અનુભવ કરી, પર્યાય વિશેષમાં અભેદપણાનો અનુભવ થવો તેને પર્યાયનો નિશ્ચય કહે છે. તેમાં જ સાધ્યની સિદ્ધિ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

આધારઃ સમયસારઃ– સેટીકાની ગાથા.

શુદ્ધાત્મદ્રવ્યના નિર્વિકલ્પ અનુભવમાં ત્રિકાળી દ્રવ્ય સામાન્ય ધ્યેય તરીકે ઉપાદેયપણે જણાય છે (પરમ શુદ્ધ નિશ્ચયનય). પ્રગટ થયેલી શુદ્ધ પર્યાયથી અભેદ આત્મા જ્ઞેય અથવા સાધ્ય તરીકે ઉપાદેયપણે જણાય છે (અભેદનય). દ્રવ્ય પર્યાયનું ભિન્ન ભિન્ન જ્ઞાન (પ્રમાણ જ્ઞાન) થતું હોવા છતાં દ્રવ્યનું મુખ્યપણું તથા પર્યાયનું ગૌણપણું-ઉદાસીનપણું (વ્યવહારનય) રહે છે. છદ્મસ્થ હોવાથી જ્ઞાનમાત્રમાં એક તરફ એકાગ્ર હોવાથી આ બધું જ્ઞાન ઉપયોગાત્મક થાય છે. અશુદ્ધ પર્યાયોનું કથંચિત અભિન્નપણું તથા પરદ્રવ્યોનું જ્ઞાન (મુખ્યતાએ) લબ્ધમાં હોય છે. -તેની સાથેના વ્યવહારો આગમ પદ્ધતિમાં હોય છે.

આધારઃ માઈલધવલ કૃત નયચક્ર : નય તથા પ્રમાણઃ– સવિકલ્પ તથા નિર્વિકલ્પ પા. ૯૯,

વિકલાદેશી નયથી સકલાદેશી પ્રમાણ પૂજ્ય છે પા. ૨૨૯

શ્રદ્ધામાં જ્ઞાનનું રૂપ હોવાથી જેટલું જ્ઞાનમાં જણાય છે તેનું પણ શ્રદ્ધાન થાય છે. જ્ઞાનમાં શ્રદ્ધાનું રૂપ હોવાથી જ્ઞાનમાં બધું ભિન્ન ભિન્નપણે તેના સાકાર સ્વભાવમાં જણાતું હોવાથી દ્રવ્યસામાન્યનું મુખ્યપણું-ઉપાદેયપણું રહે છે. માટે શ્રદ્ધા તેને અખંડિત પણે પકડી રાખે છે.

કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીતિ ધરે હૈ.
યાહીં કે ગવેષી હોય જ્ઞાનમાંહિ લખિ લીજૈ,
જ્ઞાનકી લખની યા અનંત સુખ ભરે હૈ.

આ રીતે નિર્વિકલ્પ અનુભવ વખતે ઉપયોગમાં દ્રવ્યનું મુખ્યપણું તથા પર્યાયનું ગૌણપણું ચાલુ રહે ત્યાં સુધી નિર્વિકલ્પતા ટકે છે. જ્યારે ત્રિકાળી અભેદ દ્રવ્યનું મુખ્યપણું છુટવા માંડી ભેદનું ( ગુણ, પર્યાય અથવા તેમાં થતાં જ્ઞેયાકારોનું ) મુખ્યપણું થાય ત્યારે ઉપયોગ સવિકલ્પ થઈ જાય છે. દૃષ્ટિમાં ભેદનું મુખ્યપણું થઈ જાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય. દૃષ્ટિ ચાલુ રહે ત્યારે ફરી ભેદને ગૌણ કરી, અભેદને મુખ્ય કરતાં જ અભેદનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. અભેદની મુખ્યતા ન હોય અથવા જ્ઞાનનાં સાકાર સ્વભાવમાં ભેદોનું જ્ઞાન સહેજે થતું હોવા છતાં તેનાથી અશુદ્ધપણું આવશે તેવા ભ્રમથી તેને જાણવાનો સર્વથા નિષેધ હોય તો, જ્ઞાનનો દ્રોહ થતો હોવાથી, અનુભવ થઈ શકતો નથી.

આ રીતે નિર્વિકલ્પમાં નિશ્ચય વ્યવહારનો મેળ હોય છે. બે નયના સ્વરૂપને જાણે છે.

આધારઃ દેવસેનઆચાર્ય કૃત નયચક્રઃ પ્રમાણ પૂજ્ય નથી, સમયસાર ગા. ૭ નો ભાવાર્થ, ગા. ૧૪૩

સવિકલ્પ અવસ્થાઃ- દ્રવ્યની દૃષ્ટિ તથા અનુભવનું મુખ્યપણું ( નિશ્ચય ) ચાલુ રહે છે. વિશેષ પર્યાયનું ગૌણપણે ( વ્યવહાર ) જ્ઞાન થાય છે. નિશ્ચય શુદ્ધતાને અનુકૂળ અશુભ વંચનાર્થે ( વ્રત, તપ વગેરે ) તથા સ્વભાવ સન્મુખાર્થે ( સ્વાધ્યાય, ચીંતન વગેરે ) વ્યવહાર-શુભભાવ આવે છે-હોય છે, તે જાણેલા પ્રયોજનવાન છે. છતાં તેને સાવધાની પૂર્વક કરવા, તે સાધન તથા કારણ છે તેમ પણ વ્યવહારથી કહેવાય છે.

શ્રદ્ધા શુભભાવને સ્વીકારતી નથી, ચારિત્રમાં તેનું વેદન તથા હેયપણું હોય છે, જ્ઞાન તેને સર્વપ્રકારે જાણે છે.

* નિશ્ચયમાં ખેંચાય- વ્યવહારને સર્વથા ઉડાડે તો નિશ્ચયાભાસપણું થઈજાય.
* વ્યવહારમાં ખેંચાય તો વ્યવહારનો પક્ષ થઈ જાય-નિશ્ચયની દૃષ્ટિ છુટી જાય.

નિર્વિકલ્પ અવસ્થામાંજ નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે ( દ્રવ્ય સંગ્રહ ગા. ૪૭ )

## જ્ઞાન સ્વભાવ

પર્યાયને એક જ પ્રકારે ન જાણવી-બે પ્રકારે જાણવી.

સાપેક્ષ તથા નિરપેક્ષ

આધારઃ નિયમસાર ગા. ૧૪,૧૫, આલાપ પદ્ધતિ / નયચક્ર ( કર્મ ઉપાધિ સાપેક્ષ અશુદ્ધ પર્યાયાર્થિકનય, કર્મ ઉપાધિ નિરપેક્ષ શુદ્ધ પર્યાયાર્થિકનય-સિદ્ધ સમાન. )

ચૈતન્ય અનુવિધાયિ ઉપયોગ-નિરપેક્ષ પર્યાય બે પ્રકારનીઃ-

* કારણ સ્વભાવ જ્ઞાન ઉપયોગ પોતાના સ્વરૂપોને યુગપત્ જાણવા સમર્થ હોવાથી સ્વરૂપ પ્રત્યક્ષ છે.
* સામાન્ય ઉપયોગનો સ્વભાવ અખંડપણે સમસ્ત સ્વપર પ્રકાશક છે.

આવી શક્તિ કર્મ આવરણના કારણે અવરાયેલી છે. જ્ઞાનની પર્યાય જેટલી પ્રગટ છે તેટલી ક્ષયોપશમ-સ્વભાવના અંશરૂપ છે. આ પ્રગટ પર્યાયમાં પણ સ્વ-પર પ્રકાશકપણું ( પ્રતિભાસ ) છે.

આધારઃ ધવલ ( મંગલ ) / જયધવલ ( જ્ઞાનના ભેદ ), દ્રવ્યસંગ્રહ ગા. ૪,૫, પ્રવચનસાર ગા. ૨૦૦

પૂ. ગુરુદેવશ્રી પ્રવચનઃ કારણ શુદ્ધ પર્યાય પા. ૭૬, પંચાસ્તિકાય ગા. ૪૯ નો ભાવાર્થ.

જ્ઞાનના આવા અખંડ સ્વપર પ્રકાશક સ્વભાવને ન જાણતો હોય ત્યારે અજ્ઞાની પરની અથવા ભેદની સન્મુખ થઇ એક એક જ્ઞેયને ઇન્દ્રિય જ્ઞાનથી અમૂક પ્રદેશેથી જ ખંડ ખંડ પણે જાણે છે ત્યારે અખંડ જ્ઞાનનો ઘાત થાય છે.

ઇન્દ્રિયજ્ઞાનને અધ્યાત્મશાસ્ત્રોમાં જડ-અચેતન, ઇન્દ્રિય-પરજ્ઞેય, બંધનું કારણ વગેરે ભાવ દ્વારા ખરેખર જ્ઞાન જ નથી એમ દર્શાવ્યું છે.

જ્યારે પર સન્મુખતા છોડી, સ્વસન્મુખ થાય ત્યારે સામાન્યનો અંશે આવિર્ભાવ થઈ સાધકપણું પ્રગટે છે. જ્ઞાનમાં પર સાથે એકત્વપણું છુટી જવાનાં કારણે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાતું હોવા છતાં તેમાં સ્વલક્ષી અખંડ અતીન્દ્રિય તથા પરલક્ષી ખંડ ઇન્દ્રિયજ્ઞાન એવા બે ભેદ પડી જાય છે. અતીન્દ્રિય જ્ઞાન જ્ઞાનધારામાં ભળે છે, ઇન્દ્રિયજ્ઞાન કર્મધારામાં જાય છે.

આચાર્ય કહે છે-શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે.

વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ તથા સામાન્યનો આર્વિભાવ કરતાં કરતાં જ્યારે પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટે ત્યારે આવરણનો પણ અભાવ થઈ પૂર્ણ પર્યાય શક્તિ વ્યક્ત થાય છે, સામાન્યનો પૂર્ણ આવિર્ભાવ થાય છે.

સામાન્ય ઉપયોગમાં સમસ્ત સ્વપરનો પ્રતિભાસ અનાદિથી થાય છે. તેનો જ્યારે પૂર્ણ આવિર્ભાવ થાય છે ત્યારે જાણવાની અપેક્ષાએ, જેવું સ્વનું પ્રત્યક્ષ જાણવું થાય છે તેવું જ પરનું પણ પ્રત્યક્ષ જાણવું થાય છે. સ્વપર સંબંધી પોતાના જ્ઞાનમાં થતાં જ્ઞેયાકારોને નિશ્ચયથી જાણે છે, તેથી પરને પણ અસદ્ભૂત વ્યવહારનયથી જાણે છે એમ ઉપચાર કરવામાં આવે છે.

આમ જે જ્ઞાનને લક્ષ અથવા તન્મયપણાની અપેક્ષાએ સ્વપ્રકાશક કહેવાય છે, તે જ જ્ઞાનને વિવક્ષા ભેદે જાણવાની અપેક્ષાએ સ્વપર પ્રકાશક કહેવાય છે.

વિશ્વવિશ્વ વિશેષભાવ પરિણત આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.
સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન-ભેદ ભ્રમ ભારી,
જ્ઞેય દશા દુવિધા પંરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી.

પૂ. ગુરુદેશ્રીને અંતરમાંથી આવેલી અને ખૂબ જ ઉલ્લસીતભાવે રજૂ કરેલી કારણ શુદ્ધ પર્યાયની વાત સમાજ ન ઝીલી શક્યો. તેથી તેઓશ્રીએ તે વાત ભારે હૃદયે બંધ કરી, તેને અભેદપણે ગુણમાં સમાવી દીધી. અત્યારે બહારમાં પ્રસિદ્ધ રીતે ધ્રુવસામાન્ય તથા ઉત્પાદ વિશેષની જ ચર્ચા ચાલે છે. ધ્રુવ વિશેષ ( કારણ શુદ્ધ પર્યાય ) તથા ઉત્પાદ સામાન્યની ચર્ચા ચાલતી નથી. દ્રવ્ય-પર્યાયની સંધિ કરવા માટે આ બંનેના સ્વરૂપ સમજવા અત્યંત ઉપયોગી છે કારણકે પ્રથમ સમજણમાં જ ભવિષ્યના સમ્યક્ પુરુષાર્થો ગર્ભિત છે.

સ્વતંત્ર ષટ્કારકથી ક્રમબદ્ધ ઉત્પન્ન થતાં કર્મ સાપેક્ષ પર્યાય વિશેષોની ઉપેક્ષા કરી, બન્ને પ્રકારની કર્મ નિરપેક્ષ સ્વાભાવિક પર્યાયને સારી રીતે સમજી, તેનો પણ ભેદ છોડી, દ્રવ્યસામાન્યમાં અભેદ કરી, તેમાં જ સાદિ અનંત મગ્ન થઇ જઇએ એ જ ભાવના.